GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

# યુવાનોનું સશક્તિકરણ: રાષ્ટ્ર નિર્માણની મજબૂત પાયાની શિલા

**ડૉ. જલદા વોરા**

આસિસ્ટન્ટ પ્રોફેસર,

શ્રી આઈ.જે.પટેલ બી.એડ. કોલેજ, મોગરી, આણંદ

**સારાંશ (Abstract)**

One Nation – One Destniy નો વિચાર રાષ્ટ્રીય એકતા સમાન વિકાસ અને સામુહિક જવાબદારીના સિદ્ધાંત પર આધારિત છે. ભારત માટે રાષ્ટ્રીય એકતા અને બંધારણીય મૂલ્યો– ભારતનું બંધારણ સમાનતા, સ્વતંત્રતા, ભાઈચારો અને ન્યાય મૂલ્યો પર આધારિત છે. ભારત ૨૦૨૬: એક રાષ્ટ્ર– એક ભાગ્ય એ માત્ર વાક્ય નથી, પરંતુ આધુનિક ભારતની પ્રગતિ અને એકતાનું પ્રતિબિંબ છે. એક રાષ્ટ્ર– એક ભાગ્ય એ એવો દ્રષ્ટિકોણ છે, જેમાં દેશના દરેક નાગરિક, ભાષા, સંસ્કૃતિ અને રાજ્ય એક સંકલિત દિશામાં પ્રયાણ કરે છે. સમાન વિકાસ, ડિજિટલ અર્થતંત્ર અને સ્ટાર્ટઅપ સંસ્કૃતિ દેશને એક જ દિશામાં આગળ ધપાવે છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, યુવાનોને ઉધ્યોગસાહસિકતા તરફ પ્રોત્સાહિત કરે છે. સશક્તિકરણનો અર્થ માત્ર શિક્ષણ આપવો નહિ પરંતુ તેમને આત્મવિશ્વાસ, નેતૃત્વ, મૂલ્યબોધ અને સામાજિક જવાબદારી માટે તૈયાર કરવો છે. શિક્ષણ યુવા સશક્તિકરણનું મુખ્ય સાધન છે. ગુણવત્તાસભર અને સમાવેશી શિક્ષણ યુવાનોને વિચારશીલ, સર્જનાત્મક અને જવાબદાર નાગરિકો બનાવે છે. સમાજમાં વ્યાપ્ત અંધશ્રદ્ધા, દહેજ પ્રથા, જાતિવાદ, અને ભ્રષ્ટાચાર જેવા દૂષણોને નાબૂદ કરવા માટે યુવાનો જાગૃત પ્રહરી બની શકે છે. સોશિયલ મીડિયાના માધ્યમથી સામાજિક જાગૃતિ ફેલાવવી કે પર્યાવરણના જતનમાં ફાળો આપવો એ યુવાનોની આગવી ઓળખ બની છે.

**ચાવીરૂપ શબ્દો:** સશક્તિકરણ, ડિજિટલ, સ્ટાર્ટઅપ, મૂલ્યબોધ,અર્થતંત્ર, નેતૃત્વ

**પ્રસ્તાવના:**

ભારત વિવિધતા અને વૈવિધ્યતાનો દેશ છે. અહીં વિવિધ ભાષાઓ, ધર્મો, સંસ્કૃતિઓ, અને પરંપરાઓ હોવા છતાં દેશ એક મજબૂત રાષ્ટ્રીય ઓળખ ધરાવે છે. આમ One Nation – One Destniy નો વિચાર

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

રાષ્ટ્રીય એકતા સમાન વિકાસ અને સામુહિક જવાબદારીના સિદ્ધાંત પર આધારિત છે. એક રાષ્ટ્ર : એક ભાગ્યનો વિચાર એ દર્શાવે છે કે દેશના દરેક નાગરિક , દરેક રાજ્ય અને દરેક સમાજ એક સંકલિત દિશામાં આગળ વધે અને દેશનાં સર્વાંગી અને સમૃદ્ધ વિકાસમાં સહભાગી બને છે. ભારત માટે રાષ્ટ્રીય એકતા અને બંધારણીય મૂલ્યો– ભારતનું બંધારણ સમાનતા, સ્વતંત્રતા, ભાઈચારો અને ન્યાય મૂલ્યો પર આધારિત છે. આ મૂલ્યો એક રાષ્ટ્ર અને એક ભાગ્યના સિદ્ધાંતને મજબુત બનાવે છે. દુર્ખીમ અનુસાર " સમાજમાં એકતા સામાન્ય મૂલ્યો અને સામુહિક ચેતનાથી જળવાય છે. શિક્ષણ અને સંસ્થા દ્વારા આ મૂલ્યોનું સંક્રમણ થાય છે." ભારત ૨૦૨૬: એક રાષ્ટ્ર– એક ભાગ્ય એ માત્ર વાક્ય નથી, પરંતુ આધુનિક ભારતની પ્રગતિ અને એકતાનું પ્રતિબિંબ છે. ૨૧મી સદીના નવા ભારતની ભવ્ય ચેતનાનો પાયો છે. જે આપણા વૈવિધ્યપૂર્ણ રાષ્ટ્રને એક અખંડ સંકલ્પ સાથે જોડે છે. ૨૦૨૬માં ભારત જ્યારે આધુનિકતા અને પરંપરાના સંગમ પર ઊભું છે, ત્યારે આ વિચારધારા આપણને રાષ્ટ્રીય એકતાના એક નવા અધ્યાય તરફ દોરી જાય છે. ભારત ૨૦૨૬નો અર્થ માત્ર એક સમયસીમા નહીં, પરંતુ ભારતના સર્વાંગી વિકાસનું ધ્યેયવાક્ય છે. રાષ્ટ્ર નિર્માણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. જેમાં સામાજિક, શૈક્ષણિક, આર્થિક, સાંસ્કૃતિક, અને ટેકનોલોજીકલ વિકાસને સમન્વય જરૂરી છે. ૨૦૨૬માં ભારતને મજબૂત, આત્મનિર્ભર અને વિશ્વના ખૂણે ખૂણે પ્રતિષ્ઠિત બનાવવાનો સંકલ્પ રાષ્ટ્ર નિર્માણની મૂળ ભાવના સાથે જોડાયેલ છે. એક રાષ્ટ્ર– એક ભાગ્ય એ એવો દ્રષ્ટિકોણ છે, જેમાં દેશના દરે નાગરિક, ભાષા, સંસ્કૃતિ અને રાજ્ય એક સંકલિત દિશામાં પ્રયાણ કરે છે. ભારત જેવી વિવિધતાસભર રાષ્ટ્ર વ્યવસ્થામાં સમાનતા, એકતા, ભાઈચારો તથા સહ–અસિત્વ ખૂબજ મહત્વપૂર્ણ બાબત છે. ૨૦૨૬ સમગ્ર વર્ષમાં ભારતનું લક્ષ્ય માત્ર આર્થિક ઉપાર્જન પૂરતું સીમિત ન રહેતાં પરંતુ સામાજિક સમરસતા, ટેકનોલોજીયુક્ત પ્રગતિ અને સર્વાંગી વિકાસ છે. ગુણવત્તાસભર શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટે National Education Policy 2020 અમલમાં આવી છે, જે ૨૧મી સદીનાં કૌશલ્યો અને બહુભાષિતા પર ભાર મૂકે છે. શિક્ષણ વ્યક્તિને સશક્ત બનાવે છે અને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવે છે. આમ National Education Policy 2020 મુજબ શિક્ષણનો હેતુ ૨૧મી સદીનાં કૌશલ્યો અને મૂલ્ય આધારિત વિકાસ દ્વારા રાષ્ટ્રીય પ્રગતિમાં ફાળો આપવાનો છે.

ભારતના સહિત વિશ્વના દરેક દેશમાં યુવાનોને રાષ્ટ્રની સૌથી મહત્વપૂર્ણ શક્તિ માનવમાં આવે છે. યુવાનોમાં ઉત્સાહ, સર્જનાત્મકતા, નવીન વિચારસરણી અને જોખમ લેવાની ક્ષમતા હોય છે. જો યુવાનો ને યોગ્ય માર્ગદર્શન શિક્ષણ અને અવસર મળે તો તેઓ રાષ્ટ્ર નિર્માણની મજબૂત પાયાની શિલા બની શકે છે.

**ભારત ૨૦૨૬ના ખ્યાલો:**

શિક્ષણ અને કૌશલ્ય વિકાસ– National Education Policy 2020–21 ની સદીના કૌશલ્યો, બહુભાષિતા અને ભારતીય જ્ઞાન પરંપરા પર ભાર આપે છે. શિક્ષણ એકતા અને રાષ્ટ્રીય વિકાસનો આધાર આપે છે.

આર્થિક એકીકરણ – સમાન વિકાસ, ડિજિટલ અર્થતંત્ર અને સ્ટાર્ટઅપ સંસ્કૃતિ દેશને એક જ દિશામાં આગળ ધપાવે છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, યુવાનોને ઉધ્યોગસાહસિકતા તરફ પ્રોત્સાહિત કરે છે.

ડિજિટલ અને ટેક્નોલોજી સમન્વય – ડિજિટલ ઈન્ડિયા અભિયાન દ્વારા દૂરના વિસ્તારોનો મુખ્ય પ્રવાહ સાથે જોડવાનું લક્ષ્ય છે.

સાંસ્કુતિક સમરસતા– ભારતની "વિવિધતામાં એકતા' તેની શક્તિ છે. ભાષા, કળા, સાહિત્ય અને તહેવારો દ્વારા રાષ્ટ્રીય ઓળખ મજબૂત બને છે.

સામાજિક સમાનતા અને ન્યાય – એક રાષ્ટ્ર – એક ભાગ્યનો અર્થ છે કે દરેક નાગરિકને સમાન તકો અને ન્યાય મળે. ગરીબી, બેરોજગારી, અને સામાજિક ભેદભાવ દૂર કરવા. રાષ્ટ્રીય એકતા માટે જરૂરી છે.

**યુવા સશક્તિકરણનો અર્થ અને પરિમાણો**

યુવાનો કોઈપણ રાષ્ટ્રની સૌથી શક્તિશાળી માનવ સંપત્તિ છે. તેઓ ઊર્જા, સર્જનાત્મકતા અને પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. રાષ્ટ્રના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે યુવાનોનું સશક્તિકરણ અનિવાર્ય છે. સશક્તિકરણનો અર્થ માત્ર શિક્ષણ આપવો નહિ પરંતુ તેમને આત્મવિશ્વાસ, નેતૃત્વ, મૂલ્યબોધ અને સામાજિક જવાબદારી માટે તૈયાર કરવો છે. શિક્ષણ યુવા સશક્તિકરણનું મુખ્ય સાધન છે. ગુણવત્તાસભર અને સમાવેશી શિક્ષણ યુવાનોને વિચારશીલ, સર્જનાત્મક અને જવાબદાર નાગરિકો બનાવે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

યુવા સશક્તિકરણ એ એવી પ્રક્રિયા છે જેમાં યુવાનોને ગુણવત્તાસભર શિક્ષણ, જીવન અને વ્યવસાય કૌશલ્ય, આત્મવિશ્વાસ, આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા, નૈતિક મૂલ્યો અને યોગ્ય અવસર પ્રાપ્ત થાય, જેથી તેઓ આત્મનિર્ભર બની સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં સક્રિય ભાગ ભજવી શકે છે. યુવા એ રાષ્ટ્રના 'એન્જિન' સમાન છે, જો આ એન્જિન ને યોગ્ય બળતણ ( શિક્ષણ અને સંસ્કાર) અને સાચી દીશા મળે તો ભારતને વિશ્વગુરુ+ વિકસિત ભારત બનતા કોઈ રોકી ન શકે, યુવાધનનું સશક્તિકરણ એ દેશના ઉજ્જવળ ભવિષ્ય માટેનું સૌથી શ્રેષ્ઠ રોકાણ છે, સ્વામી વિવેકાનંદઅનુસાર "ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી માંડ્યા રહો'. કોઈપણ રાષ્ટ્રનું ભવિષ્ય તેના ભૌતિક સંસાધનો પર નહીં, પણ તેના માનવ સંસાધન પર રહેલું છે. યુવા સશક્તિકરણને આધારે રાષ્ટ્રના સર્વાંગી વિકાસ શક્ય બને છે. યુવાનોને એવી તકો, સંસાધનો અને વાતાવરણ પૂરું પાડવું જેનાથી તેઓ પોતાની આંતરિક શક્તિઓ વિકસાવે. તેના મુખ્ય પરિમાણો નીચે મુજબ આપેલા છે.

શૈક્ષણિક સશક્તિકરણ– ગુણવત્તા સભર અને સમાવેશી શિક્ષણ

આર્થિક સશક્તિકરણ – કૌશલ્ય વિકાસ અને રોજગાર તકો.

રાજકીય સશક્તિકરણ – લોકશાહી પ્રક્રિયામાં સક્રિય સહભાવ

ડિજિટલ સશક્તિકરણ – ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ

ભારતના સંદર્ભમાં યુવા સશક્તિકરણ

NEP 2020

**શિક્ષણ– રાષ્ટ્ર નિર્માણનો આધારસ્તંભ:**

શિક્ષણ વિના રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ શક્ય નથી, National Education policy 2020 દ્વારા ગુણવત્તાસભર, સમાવેશી, અને કૌશલ્ય આધારિત શિક્ષણ પર ભાર મૂકાયો છે. 21મી સદીના કૌશલ્યો, સંશોધન અને નવીનતા દ્વારા યુવાનોને ભવિષ્ય માટે તૈયાર કરવું. રાષ્ટ્રના નિર્માણનું પ્રથમ પગથિયું છે.

–આર્થિક વિકાસ અને આત્મનિર્ભરતા– આર્થિક રીતે મજબૂત રાષ્ટ્ર જ વિશ્વમાં આગેવાની મેળવી શકે છે. Skill India અને Start-up India જેવી પહેલો યુવાનોને રોજગારક્ષમ કૌશલ્ય અને ઉદ્યોગ સાહસિકતા

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

તરફ પ્રોત્સાહિત કરે છે. આ પ્રયાસો રોજગાર સર્જન અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ છે.

ડિજિટલ અને ટેક્નોલૉજી પ્રગતિ – ડિજિટલ યુગમાં ટેક્નોલૉજી રાષ્ટ્ર વિકાસનું મુખ્ય સાધન બની ગયું છે. ડિજિટલ ઈન્ડિયા અભિયાન દ્વારા શાસન વ્યવસ્થા વધુ પારદર્શક અને સુલભ બની છે, ટેક્નોલૉજી Artificial intelligence અને નવીનતા ક્ષેત્રે ભારત ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે.

સામાજિક સમરસતા અને એકતા – રાષ્ટ્ર નિર્માણમાં એકતા અને સમરસતા મહત્વપૂર્ણ છે. ભારત વિવિધ ભાષા, ધર્મ અને સંસ્કૃતિ ધરાવતો દેશ હોવા છતાં 'વિવિધતામાં એકતા' તેની વિશેષતા છે. સમાજમાં સમાનતા, ન્યાય, ભાઈચારો મજબૂત બનાવવો, રાષ્ટ્રની પ્રગતિ માટે આવશ્યક છે.

પર્યાવરણ અને ટકાઉ વિકાસ – ઈન્ડિયા 2026નું રાષ્ટ્ર નિર્માણ માત્ર ઔદ્યોગિક વિકાસ નહિ, પરંતુ પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસ પર પણ આધારિત છે. સ્વચ્છતા નવિનીકરણીય ઉર્જા અને પ્રાકૃતિક સંસાધનોનું સંરક્ષણ ભવિષ્ય માટે જરૂરી છે.

યુવાનોની ભૂમિકા– યુવાનો રાષ્ટ્ર નિર્માણનું કેન્દ્રબિંદુ છે. તેઓ નવી વિચારસારણી, નવીનતા અને ટેક્નોલૉજી દ્વારા દેશને આગળ લઈ જઈ શકે છે. શિક્ષણ કૌશલ્ય અને નૈતિક મૂલ્યો દ્વારા સશક્ત યુવાનો રાષ્ટ્રને મજબૂત આધાર આપે છે.

**રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા**

રાષ્ટ્ર નિર્માણ એ એક બહુઆયામી પ્રક્રિયા છે.

આર્થિક વિકાસ અને નવીનતા: આજનો યુગ ટેક્નોલૉજી અને સ્ટાર્ટ–અપનો છે. ભારતના યુવાનો આજે વિશ્વની મોટી કંપનીઓના સીઈઓ બની રહ્યા છે. અથવા પોતાના નવા સાહસો શરૂ કરી રહ્યા છો. યુવાનોની નવી સોચ અને જોખમ લેવાની વૃત્તિ દેશની અર્થવ્યવસ્થાને ગતિ આપે છે. મેક ઈન ઈન્ડિયા જેવા અભિયાનની સફળતાનો સંપૂર્ણ આધાર યુવા પેઢી પર છે.

સામાજિક પરીવર્તન– સમાજમાં વ્યાપ્ત અંધશ્રદ્ધા, દહેજ પ્રથા, જાતિવાદ, અને ભ્રષ્ટાચાર જેવા દૂષણોને નાબૂદ કરવા માટે યુવાનો જાગૃત પ્રહરી બની શકે છે. સોશિયલ મીડિયાના માધ્યમથી સામાજિક જાગૃતિ ફેલાવવી કે પર્યાવરણના જતનમાં ફાળો આપવો એ યુવાનોની આગવી ઓળખ બની છે.

રાજકીય ભાગીદારી –લોકશાહીની સફળતા માટે યુવાનોનું રાજકરણમાં આવવું અનિવાર્ય છે. યુવા નેતૃત્વ નવી દ્રષ્ટિ અને આધુનિક ઉકેલો લાવે છે. જ્યારે સુશિક્ષિત યુવાનો નીતિ–નિર્માણમાં ભાગ લે છે. ત્યારે દેશની પ્રગતિનો માર્ગ મોકળો થાય છે.

**2026માં રાષ્ટ્રનિર્માણમાં યુવાનોનો વિકાસ–**

શિક્ષણ અને કૌશલ્ય વિકાસ– યુવાનોના સશક્તિકરણની શરૂઆત ગુણવતતાયુક્ત શિક્ષંથી થાય છે.

આધુનિક શિક્ષણ : માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં પરંતુ ટેક્નોલૉજી અને સાંસોધાન આધારિત શિક્ષણ યુવાનોને વેશ્વિક સ્તરે સ્પર્ધા કરવા તૈયાર કરે છે.

વોકેશનલ ટ્રેનિંગ : દરેક યુવાન પાસે કોઈને કોઈ કૌશલ હોવું જોઈએ જેથી તેઓ સ્વ નિર્ભર બની શકે

આર્થિક સ્વાલંબન અને સ્ટાર્ટ અપ કલ્ચર : જે દેશના યુવાનો નોકરી શોધનારા બનવાને બદલે નોકરી આપનારા બને તે દેશનો વિકાસ જડપી થાય છે

ઉધ્યોગ સાહસિકતા સરકારની વિવિધ યોજનાઓ દ્વારા યુવાનોને નવા વ્યવસાય શરૂ કરવા પ્રોત્સાહન મળેતો રાસ્ટ્રના જીડીપી માટે ઉછાવ આવે છે

નવીનતા – યુવાનો પાસે નવા વિચારો હોય છે આ વિચારોને જ્યારે યોગ્ય પ્લેટફોર્મ મળે છે ત્યારે તે ડિજિટલ 'ઈન્ડિયા' કે ' મેક ઇન ઈન્ડિયા' જેવા અભિયાનોને સફડ બનાવે છે

**સામાજિક પરીવર્તનના વાહક :**

યુવાનો સમાજમાં પ્રવતતા કૂ રિવાજો અને અનિસ્ટો સામે અવાજ ઉઠાવવાની હિમ્મત ધરાવે છે

જાગૃતિ : પર્યાવરણ જાળવણી, સ્વછ્તા અભિયાન અને લિંગ સમાનતા જેવા વિષયોમાં યુવાનોની સક્રિયતા સમાજનું ચિત્ર બદલી શકે છે.

સ્વયંસેવા : કુદરતી આફતો કે સામાજિક સેવામાં યુવાનોની ઉર્જા રાસ્ટ્રને એકસૂત્રતામાં બધે છે .

**ઉપસંહાર :**

ભારત 2026 માટે એક રાષ્ટ્ર એક ભાગ માં સૂત્ર નથી પરંતુ સંકલિત વિકાસ અને રાસ્ટ્રીય સમરસતાના માર્ગદર્શક વિચાર છે શિક્ષણ, આર્થિક વિકાસ, ટેકનૉલોજિ અને સાંસ્કૃતિક એકતા દ્વારા ભારત વિશ્વમાં એક મજબૂત અને એકતાસભર રાસ્ટ્ર તરીકે ઊભરી શકે છે.

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

## સંદર્ભ સૂચિ

1. Ministry of Human Resource Development. (2020). *National Education Policy 2020*. New Delhi: Government of India.
2. National Council of Educational Research and Training (NCERT). (2023). *National Curriculum Framework for School Education*. New Delhi: NCERT.
3. Rajput, J. S. (2021). *National Education Policy 2020: Paving the Way for a New India*. New Delhi: Atlantic Publishers.
4. Tilak, J. B. G. (2018). *Education in India: Policy and Practice*. New Delhi: SAGE Publications India.
5. Education Department, Government of Gujarat. (2021). *Implementation Strategy for NEP 2020 in Gujarat*. Gandhinagar: Government of Gujarat.
6. Kasturirangan, K., et al. (2019). *Draft National Education Policy 2019*. New Delhi: Ministry of Human Resource Development.
7. India 2026, one Nation one Destiny.
8. A.P.J. Abdul Kalam – India 2020, A Vision for the New Millennium ( ગુજરાતી અનુવાદ ઉપલબ્ધ )
9. Niti Aayog – Strattegy for New Millennium.
10. National Education Policy 2020- શિક્ષણ ક્ષેત્રના વિકાસ માટે મહત્વપૂર્ણ દસ્તાવેજ.